જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૦/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૯૯૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૫ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૬૭૬ લીટર દેશી દારૂ, ૧૩૫૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૭૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૪૪ બીયરટીન ૦૨ એક્ટીવા, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૯૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૯૯૬/૧૭**

**ક્રાઇમબ્રાન્ચ :-** રમેશભાઈ વેલાભાઈ ચૌધરી(ઉ.વ.૫૩)(રહે,ગામ:-અમરપુરા(ખરણા), તા.માણસા, જી.ગાંધીનગર) એ તા.૦૨/૧૦/૧૭ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને-૨૦૧૪ થી તા.૦૨/૧૦/૧૭ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) જગદીશભાઈ જોઈતારામ પટેલ (૨) અશ્વિનભાઈ રામાભાઈ પટેલ (૩) જીતુભાઇ પટેલ (ત્રણેય ઓફીસ:- સ્કાયલીન્ક, ૧૦૧, ૧૦૨, આલીન કોમ્પલેક્ષ, અજન્ટા કોમર્શીયલ સેન્ટરની બાજુમાં, ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ) (૪) મહેન્દ્રભાઇ મણાભાઇ ચૌધરી (રહે,ગામ:-બદપુરા, તા.માણસા, જી.ગાંધીનગર) (૫) ભાવનાબેન મણાભાઇ ચૌધરી (રહે,ગામ:-બદપુરા, તા.માણસા, જી.ગાંધીનગર) ભેગામળી રમેશભાઇ પાસેથી પૈસા પડાવવા સારૂ કાવતરૂ ઘડી, ભાવનાબેનના લગ્ન રમેશભાઇના નાના ભાઇ દશરથભાઇ સાથે કરવાનુ નક્કી કરી, ભાવનાબેનનો "કુલકર્ણી મયુરી ભુષણ ના નામનો બનાવટી પાસપોર્ટ બનાવી, જે બનાવટી પાસપોર્ટ આધારે વિઝા મેળવી, ભાવનાબેનને ગેરકાયદેસર રીતે અમેરીકા ખાતે મોકલી આપી, રમેશભાઇને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી તેમની પાસેથી રોકડા રૂપીયા ૫,૫૦,૦૦૦/- મેળવી લઇ તેમજ તેઓની પોણા બે વીઘા જમીન જોઈતારામ પટેલના નામે દસ્તાવેજ કરાવી લઇ, રમેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.ચૌધરી ચલાવે છે.

**ઘાટલોડીયા :-** રમેશભાઇ માધવલાલ શાહ (ઉ.વ.૬૧)(રહે,રત્નદીપ ટાવર અર્જુન ટાવર ની બાજુમા ઘાટલોડીયા) એ તા.૦૨/૧૦/૧૭ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એપ્રિલ/૨૦૧૭ થી તા.૧૫/૦૯/૧૭ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી સુનિલ શર્મા અને તેના બીજા સાગરીતોએ ભેગામળી રમેશભાઇ ના પુત્ર અક્ષત ને બેન્કમાં નોકરી આપવાની લાલચ આપી, રમેશભાઇ સાથે મોબાઇલ તેમજ મેસેજથી વાત કરી, જુદા-જુદા એકાઉન્ટમાં કુલ રૂપીયા ૨,૦૮,૦૫૦/- ભરાવી, તમામ રકમ મેળવી લઇ, રમેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.વાઘેલા ચલાવે છે.

**<u>ઘરફોડ ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯૭/૧૭</u>**

**જી.આઇ.ડી.સી.વટવા** : સંતોષકુમાર ખેમરાજ મિશ્રા (ઉ.વ.૪૧)(રહે,શ્રીજી રો-હાઉસ પી.એફ.હાઈસ્કુલ ની પાસે વિઠ્ઠલનગર નો ટેકરો જશોદાનગર) એ તા.૦૨/૧૦/૧૭ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૧૭ ના કલાક ૪/૦૦ થી તા.૦૨/૧૦/૧૭ ના કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.વાઘેલા ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯૮/૧૭</u>**

**વટવા** : દિવ્યાબેન વા/ઓ નરેન્દ્રભાઇ ફતવાણી (ઉ.વ.૩૫)(રહે,સમ્રાટનગર ઇસનપુર વટવા) એ તા.૦૨/૦૯/૧૭ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૮/૧૭ બપોરના ૨/૧૫ વાગ્યાનાં સુમારે **ઘોડાસર થી સ્મૃતિ મંદીર તરફ જતા રોડ ઉપર શ્રીજી બંગ્લોઝની સામે રોડ ઉપર પોતાની મેસ્ટ્રો ટુ વ્હીલર ગાડી ચલાવી** પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષે દિવ્યાબેનનાં ગળામાંથી પેંડલ સાથેનો સોનાનો દોરો કિંમત રૂપીયા ૪૮,૦૦૦/- મતાનો ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી **ઠુમ્મર સાહેબ નાઓ** ચલાવે છે.

**<u>ચોથા માળેથી પડી જતાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯૯/૧૭</u>**

**ચાંદખેડા** : પ્રકાશચંન્દ દુધીયા ડેંડોર (ઉ.વ.૧૯)(રહે,ઓમકાર લોટસની નવી બનતી સાઇડ્ પર, સ્મશાન રોડ ચાંદખેડા મૂળ વતન- આસપરાગામ નલીયા ફળીયુ તા:-ચીખલી જી:-ડુંગરપુર રાજસ્થાન) તા.૦૨/૧૦/૧૭ ના કલાક ૯/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે ઓમકાર લોટસની નવી બનતી સાઇટ ના “બી” બ્લોકના ચોથા માળે કામ કરતા હતા દરમ્યાન અચાનક નીચે જમીન ઉપર પડી જતાં, માથામાં તેમજ શરીરે ગંભીર ઇજાઓ થતા, તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મનુજી કાળુજી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૦૦૦/૧૭**

**રામોલ** : મમતાબેન ડો/ઓ મહેશભાઈ પાલ (ઉ.વ.૨૮)(રહે,સોમનાથ સોસાયટી, વિભાગ-૨, ન્યુ આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ ટેટ-૨ ની પરીક્ષામાં નાપાસ થયેલ હોઇ, જેથી મનમા લાગી આવતા તા.૦૧/૧૦/૧૭ રાતના ૯/30 થી તા.૦૨/૧૦/૧૭ નાં કલાક ૬/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પોતાની જાતે પંખામાં નાયલોન ની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.